# <u>મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના</u>

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૧૪/યુઓઆર-૬/સ

તા૦૫/૦૪/૨૦૧૬

વંચાણે લીધા: શિક્ષણ વિભાગના તા ૦૭/૧૦/૨૦૧૫ના ઠરાવ ક્ર:પરચ/૧૦૨૦૧૪/યુઓઆર-૬/સ

રાજ્યના ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માંગતા તેજસ્વી અને જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓની કારકિર્દીના ઘડતર માટે આર્થિક સહાય મળી રહે તે માટે વંચાણે લીધેલ ઠરાવથી પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતાં તમામ વર્ગોના તેજસ્વી અને જરૂરીયાતમંદ યોગ્યતાપ્રાપ્ત વિદ્યાર્થીઓને અભ્યાસ માટે આર્થિક સહાય તેમજ અન્ય સવલતો સમાન ધોરણે મળી રહે તે હેતુથી શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬ થી '**મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના**' અમલમાં મુકવામાં આવેલ છે.

ડીપ્લોમા થી ડીગ્રી ( ડી ટુ ડી) અભ્યાસક્રમના પ્રથમ/બીજા વર્ષમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓને સહાય આપવાની રજુઆત અન્વયે આ યોજના અંતર્ગત લાભ આપવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે ડીપ્લોમા અભ્યાસ કરી સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓને પણ આ યોજનાના લાભ મળે તે માટે સરકારશ્રી દ્વારા નિર્ણય કરવામાં આવેલ છે. આથી વંચાણે લીધેલ શિક્ષણ વિભાગના તા. ૦૭/૧૦/૨૦૧૫ ના યોજનાના ઠરાવમાં નીચેની જોગવાઈ દાખલ કરવામાં આવે છે.

યોજનાના નિયમ ૨.3 ઉચ્ચ શિક્ષણ સહાય માટે સહાય મેળવવાની પાત્રતાના ધોરણોના પેટા નિયમ ૨.૩.૧ માં નીચે મુજબ ફકરા (૬) ઉમેરવામાં આવે છે.

(૬) ગુજરાત રાજ્યમાં આવેલ યુનિવર્સિટી માંથી ડિપ્લોમા અભ્યાસક્રમની પરીક્ષા ૬૫ ટકા કે તેથી વધુ ટકા સાથે પાસ કરનાર અથવા ડી ટુ ડી ના પ્રવેશ નિયમો મુજબ ૬૫ ટકા કે તેથી વધુ મેરીટ માર્કસ મેળવી ડીગ્રી (સ્નાતક) કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રથમ/બીજા વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળશે.

યોજનાના નિયમ ૨.૩ ઉચ્ચ શિક્ષણ સહાય માટે સહાયની રકમના પેટા નિયમ ૨.૩.૨ માં નીચે મુજબ ફકરા (૬) ઉમેરવામાં આવે છે.

(૬) પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને ડીપ્લોમા પછીના ઉચ્ચ શિક્ષણના સ્નાતક કક્ષાના સરકાર માન્ય સંસ્થાના સ્વ-નિર્ભર અભ્યાસક્રમો માટે નિયત થયેલ વાર્ષિક ટ્યૂશન ફીની ૫૦% રકમ અથવા રૂપિયા ૫૦,૦૦૦/- તે બે પૈકી જે ઓછું હોય તેટલી સહાય દર વર્ષે મળવાપાત્ર થશે.

આનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૨૦૧૬ થી કરવાનો રહેશે. અન્ય બાબતો શિક્ષણ વિભાગના તા ૦૭/૧૦/૨૦૧૫ના ઠરાવ ક્રમાંક : પરચ/૧૦૨૦૧૪/યુઓઆર-૬/સ મુજબની રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા ૨૯/૧૨/૨૦૧૫ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કિલ્લોલ પંડયા)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- નામ. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, માન. મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ)ના અંગત સચિવશ્રી, સચિવાલય
- માન. મંત્રીશ્રી (નાણાં) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (મહેસુલ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (આદિજાતિ વિકાસ) ના અંગત સચિવશ્રી, સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- માન. મંત્રીશ્રી (કૃષિ,સહકાર અને પશુપાલન) ના અંગત સચિવશ્રી, સચિવશ્રી, સચિવાલય
- માન. રા.ક. મંત્રીશ્રી (ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય,
- માન. રા.ક. મંત્રીશ્રી (પ્રાથમિક શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, (નાણાં) નાણાં વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, (આરોગ્ય) આરોગ્ય વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, (શિક્ષણ) શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, (ઉચ્ચ અને ટેક. શિક્ષણ) શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (મહેસૂલ) મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (ખેતી, સહકાર) કૃષિ, સહકાર અને પશુપાલન વિભાગ સચિવાલય
- સચિવશ્રી (આદિજાતિ વિકાસ વિભાગ), સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (આ.બા.) નાણાં વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ) નાણાં વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, કે.સી.જી., અમદાવાદ
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- ડાયરેક્ટરશ્રી, નેશનલ ઇન્ફર્મેટીક્સ સેન્ટર (એન.આઇ.સી.), ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ / રાજકોટ.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ના.સે.અધિ. સિલેક્ટ ફાઈલ.
- સિલેક્ટ ફાઈલ.